# એકમ-15 ગુજરાતના ઉદ્યોગો

-: રૂપરેખા :-

**15.1** ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ

**15.2** ગુજરાતના મુખ્ય ઉદ્યોગો

**15.2.1** ઈજનેરી ઉદ્યોગ

**15.2.2** જહાજ બાંધવાનો ઉદ્યોગ

**15.3** પેટ્રો કેમિકલ્સ ઉદ્યોગ

**15.4** સુતરાઉ કાપડ ઉદ્યોગ

**15.5** સિમેન્ટ ઉદ્યોગ

**15.6** રસાયણ ઉદ્યોગ

**15.6.1** રાસાયણિક ખાતર ઉદ્યોગ

**15.6.2** દવા ઉદ્યોગ

**15.7** ખાંડ ઉદ્યોગ

**15.8** ગુજરાતનો ખાણ અને ખનીજ ઉદ્યોગ

**15.9** ગુજરાતનો ડેરી ઉદ્યોગ

**15.10** નવી ઔદ્યોગિક નીતિ (૨૦૨૦) અને ઔદ્યોગિક વિકાસ

**15.11** સમીક્ષા

## 15.1 પ્રસ્તાવના :

**"ગુજરાતને દેશના વિકાસનું ગ્રોથ અન્જિન બનાવવામાં રાજ્યના ઉદ્યોગોનો સિંહફાળો છે."**

**– મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ**

આજના આધુનિક યુગમાં રાષ્ટ્રોનું અસ્તિત્વ ઉદ્યોગોના વિકાસ પર જ આધારિત છે. આર્થિક વિકાસ વિના અસંભવ છે. જે દેશો ઔદ્યોગિક દષ્ટિએ જેટલા વધુ વિકાસ પામ્યા છે તેની અર્થવ્યવસ્થા એટલી જ મજબૂત બની છે. ભારતમાં પણ સમગ્ર રાષ્ટ્રીય ઉત્પાદનમાં ઉદ્યોગોનો ફાળો 29% છે. ગુજરાતની વાત કરીએ તો ગુજરાત પણ ભારતના નકશામાં અગત્યનું સ્થાન ધરાવે છે. આજથી 62 વર્ષ પહેલાંનો ગુજરાતનો છૂટા-છવાયા ઔદ્યોગિક કેન્દ્રોવાળો ઔદ્યોગિક નકશો હવે ઔદ્યોગિક વિકાસને કારણે ભાતીગળ બન્યો છે. ગુજરાત અલગ રાજ્ય બન્યું ત્યાર પછી ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાતે ખૂબ જ પ્રગતિ કરી છે. એટલું જ નહીં, ગુજરાતના ઔદ્યોગિક વિકાસમાં ઝડપ અને વિવિધતા બંને જોવા મળે છે. આથી ગુજરાતનું ઔદ્યોગિક ભૂમિ દશ્ય સમગ્રપણે બદલાઈ ચૂક્યું છે. ગુજરાત તેના કેટલાક પ્રણાલિકાગત ઉદ્યોગો અને તેની પેદાશો માટે પ્રાચીન સમયથી દેશ-વિદેશમાં જાણીતા છે. પરંતુ હવે તો આધુનિક યંત્ર સામગ્રીની પેદાશ અને નિકાસ કરીને ઔદ્યગિક કૂચમાં ગુજરાત ખૂબ જ ઝડપી રીતે આગળ વધી રહ્યું છે. ભારતના પશ્ચિમ કિનારે આવેલ

ગુજરાત એ વર્ષ 2021ની વસ્તી ગણતરી મુજબ 1960-24 ચો.કિ. મીટરનો ભૌગોલિક વિસ્તાર અને 6.70 કરોડની વસ્તી ધરાવતું મહત્ત્વનું રાજ્ય છે. છેલ્લા 62 વર્ષો દરમિયાન રાજ્યે તેના સર્વાંગી આર્થિક વિકાસને વેગ આપ્યો છે અને આર્થિક વિકાસમાં માળખાકીય ફેરફારો ઘણાં જ થયેલ છે. ઔદ્યોગિક ક્ષેત્રે નાના, મધ્યમ, મોટા તેમજ ફેક્ટરી ક્ષેત્રોમાં પણ પ્રભાવશાળી વિકાસ જોવા મળ્યો છે.

ગુજરાત દેશનું સંભવતઃ એક માત્ર એવું રાજ્ય છે, જેણે છેલ્લાં 25 વર્ષોમાં સતત વિકાસના અનેક નવા રેકોર્ડ સ્થાપ્યા છે. ગુજરાત રાજ્યના ટોચના રાજકીય નેતૃત્વએ તેઓની દીર્ઘદૃષ્ટિ, અનુશાસન અને પ્રજાના સતત પરિશ્રમ અને સખત મહેનતથી ગુજરાતને નવી બુલંદીઓ પર પહોંચાડ્યું છે.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટે પણ રાજ્યને ખૂબ મોટી રકમનું રોકાણ અપાવીને ગુજરાતના ઔદ્યોગિક વિકાસને વધુ વેગવંતો બનાવ્યો છે. વર્ષ 2003થી ઑગસ્ટ, 2022 સુધીમાં ગુજરાતમાં 51.19 બિલિયન અમેરિકન ડોલર ક્યુમ્યુલેટિવ FDI મળી શક્યું છે. તેથી આપણે એમ કહી શકીએ કે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટે રાજ્યમાં નવા ઔદ્યોગિક વિકાસનો પાયો નાખ્યો. ટૂંકમાં, ડબલ એન્જિન સરકારને કારણે આજે ગુજરાત ભારતનું સૌથી વધુ ઔદ્યોગીકરણવાળું રાજ્ય બન્યું છે.

## 15.1 ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ :

આજે આપણે જે ઝાકઝમાળ ગુજરાતના ઔદ્યોગિક વિકાસની જોઈ રહ્યા છીએ તે કાંઈ આજકાલનો નથી, પરંતુ એનો એક લાંબો ઈતિહાસ છે. એ સમયમાં ગુજરાતનું આર્થિક પાટનગર એટલે કે અમદાવાદ શહેર એક આગવું સ્થાન ધરાવતું હતું અને આજે પણ આગવું સ્થાન ધરાવે છે. ગુજરાતની પ્રજાની વાત કરીએ તો ગુજરાતની પ્રજા ખૂબ સાહસિક છે અને તેથી બજારોને સમજવાની કુનેહ અને તકને ઝડપી લેવાની આવડતની સાથોસાથ ગુજરાતીના વિશિષ્ટ ગુણો, હોશિયારી, સુલેહ અને સમાધાનની વૃત્તિ, સહકાર તેમજ સહિષ્ણુતા પણ કારણભૂત છે અને આ ગુણો ગુજરાતના વેપારીઓ પાસે હોવાને કારણે તેઓ બીજા દેશોના બંદરોમાં પોતાના થાણા નાંખીને વેપાર વિકસાવ્યો હતો અને આ વ્યાપારી સંસ્કૃતિના વારસદારો વિદેશમાંથી યંત્રો, અને ટેક્નોલૉજીની આયાત કરતા થયા. અને વૈશ્વિક ઔદ્યોગિક ક્રાંતિની સાથે જ ગુજરાતમાં પણ ઔદ્યોગિક વિકાસની દિશાઓ ખૂલી.

પ્રો. મકરંદ મહેતાના શબ્દોમાં કહીએ તો "ગુજરાતી વેપારીઓ સ્પર્ધામાં અન્ય હરીફોને હંફાવવા નફો-તોટો ઓછો રાખતા અને કદાચ તેથી જ વધારે ધન પ્રાપ્ત કરતાં અને તેથી જ વિદેશીઓ ગુજરાતીઓને ગુજરાતી ભાષા બોલતી 'વ્યાપારી કોમ' તરીકે સૈકાઓથી ઓળખે છે."

અહીં, એમ કહી શકાય કે જેમ જેમ સમય આગળ વધતો ગયો તેમ તેમ એની તાસીર પારખીને ગુજરાતીઓ પોતાની ઉદ્યોગ સાહસિકતા અને તીક્ષ્ણ વેપારી બુદ્ધિનો ઉપયોગ કરીને આર્થિક પ્રગતિ કરતો રહ્યો. એમાં શાંતિલાલ શેઠ, કસ્તુરભાઈ લાલભાઈ, રણછોડલાલ ચિનુભાઈ બેરોનેટ, મુળજીભાઈ માધવાણી, પ્રેમચંદ પોપટ ચંદેરિયા વગેરે ગુજરાતીઓનો મુખ્ય ફાળો છે. એકબાજુ આઝાદીની લડત ચાલતી હતી તે સમયગાળા દરમિયાન જ અમદાવાદના મિલ ઉદ્યોગે એવી તો હરણફાળ ભરી કે અમદાવાદ 'ભારતના માનચેસ્ટર' તરીકે ઓળખાવા લાગ્યું.

ગુજરાતના કેટલાક ઉદ્યોગોની વાત કરીએ તો વડોદરામાં કેમિકલ અને ફાર્માસ્યુટિકલ

ઉદ્યોગ, સુરતનો જરી ઉદ્યોગ, રાજકોટમાં ડીઝલ એન્જિન, મોરબી, હિંમતનગરમાં સિરામિક, જામનગરમાં બ્રાસ પાર્ટ્સ, ખંભાતમાં અકીક જેવા ઔદ્યોગિક એકમો શરૂ થવા લાગ્યા.

62 વર્ષ પહેલાં અસ્તિત્વમાં આવેલું ગુજરાત તે સમયે ઔદ્યોગિક દૃષ્ટિએ આઠમા ક્રમે હતું. જે આજે ગુજરાતી પ્રજાએ તેમની બુદ્ધિશક્તિ, આવડત તેમજ સાહસિક વેપારવૃત્તિથી ઔદ્યોગિક વિકાસને રાજ્યના વિકાસના ઉદ્દીપક તરીકે સ્વીકારી લીધું છે અને એમાંય માથાદીઠ એક એકર કરતાં ઓછી ખેડાણ લાયક જમીન ધરાવતા ગુજરાત માટે વિકાસના ઉદ્દીપક તરીકે ઔદ્યોગિક વિકાસને સ્વીકાર્યા સિવાય છૂટકો નહોતો.

આમ, ગુજરાતની સ્થાપના સમયથી જ ઔદ્યોગિક વિકાસ - આર્થિક વિકાસ સાધવાનું સાધન બન્યું. એમાંય 1991થી ઉદારીકરણ અમલી બનતાં (1993ના વર્ષને બાદ કરતાં) ગુજરાતમાં વિવિધક્ષેત્રે મૂડીરોકાણ થવા લાગ્યાં. આમ, ગુજરાત રાજ્ય ઔદ્યોગિક વિકાસના મહત્ત્વના કેન્દ્ર તરીકે ઉપસી રહ્યું છે એમ કહી શકાય. ગુજરાત સમગ્ર દેશમાં ઔદ્યોગિક ક્ષેત્રે રોલ મોડેલ રાજ્ય બની રહ્યું છે. છેલ્લાં ત્રણ વર્ષમાં નિકાસમાં ગુજરાતનો લગભગ 21% ફાળો રહ્યો છે. ઔદ્યોગિક ઉત્પાદન ક્ષેત્રે પણ ગુજરાત રાજ્યના ડંકા વાગી રહ્યા છે.

આમ, ગુજરાત ભારતના અગ્રણી ઔદ્યોગિક રાજ્યોમાંનું એક છે. માર્ચ, 2022 સુધીમાં ગુજરાતની Gross State Domestic Product (GSDP) અંદાજિત યુ.એસ. ડોલર 288.73 બિલિયન થઈ હતી. ખાનગી અને જાહેર ક્ષેત્રની કંપનીઓ દ્વારા સ્થાપિત મોટી રિફાઈનિંગ ક્ષમતાની હાજરીને કારણે ગુજરાતને ભારતની પેટ્રોલિયમ રાજધાની ગણવામાં આવે છે.

ગુજરાત વિશ્વમાં પ્રોસેસ્ડ હીરાનું સૌથી મોટું ઉત્પાદક રાજ્ય છે. જે વિશ્વના પ્રોસેસ્ડ હીરાના 72% હિસ્સો ધરાવે છે અને દેશની હીરાની નિકાસમાં લગભગ 80% હિસ્સો ધરાવે છે. દેશમાં ડેનિમનું સૌથી મોટું ઉત્પાદક રાજ્ય ગુજરાત છે અને વિશ્વમાં ત્રીજા નંબરનું સૌથી મોટું ઉત્પાદક છે. ગુજરાતમાં 42 બંદરો, 18 સ્થાનિક એરપોર્ટ અને એક આંતરરાષ્ટ્રીય એરપોર્ટ છે તેથી ગુજરાતમાં મોટાપાયે ઔદ્યોગિક રોકાણની શક્યતા છે.

જૂન, 2021 સુધીમાં ગુજરાતમાં 21 વિશિષ્ટ આર્થિક ઝોન SEZ કાર્યરત હતા. ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઑફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનેશનલ ટ્રેડ (DPIIT) અનુસાર ગુજરાતમાં FDI નો પ્રવાહ વર્ષ 2021માં યુ.એસ. ડોલર 21.89 બિલિયન હતો. રાજ્યમાંથી કુલ નિકાસ આજ વર્ષમાં યુ.એસ. ડોલર 60587 મિલિયન હતી.

ગુજરાતની ઔદ્યોગિક વિકાસની આ વણથંભી પ્રગતિમાં ઘણા ઉદ્યોગોએ પોતાનો ફાળો આપ્યો છે જેની ચર્ચા આપણે અહીં કરીશું.

## 15.2 ગુજરાતના મુખ્ય ઉદ્યોગો

ગુજરાતમાં કાચો માલ, માનવશ્રમ, મૂડી, વીજળીની પૂરતી ઉપલબ્ધિ, આંતરમાળખાકીય સવલતો, પાણીની ઉપલબ્ધિ અને રાજ્યનું પ્રગતિશીલ વહીવટીતંત્ર અને એનો રચાત્મક અભિગમ વગેરેને કારણે ઉદ્યોગો માટે અનુકૂળ પરિબળો પ્રાપ્ય બન્યા છે. પરિણામે ગુજરાતે અનેક ઉદ્યોગોનો વિકાસ સાધ્યો છે. જેમાં નીચે મુજબના ઉદ્યોગોનો વિકાસ ખૂબ જ વિવિધતા ધરાવે છે.

### 15.2.1 ઈજનેરી ઉદ્યોગ :

ગુજરાતમાં વર્તમાન સમયમાં ઇજનેરી ઉદ્યોગોનો વિકાસ ખૂબ ઝડપથી થઈ રહ્યો

છે. ગુજરાત પાસે લોખંડ કે કોલસા અપૂરતા હોવા છતાં અન્ય પ્રદેશમાંથી પણ તેની આયાત કરવામાં આવે છે અને નાની મોટી યંત્રસામગ્રી બનાવવાને લગતા ઈજનેરી ઉદ્યોગોનો વિકાસ થવા લાગ્યો છે. ઈજનેરી ઉદ્યોગમાં સ્ટીલની પાઈપ, સ્ટીલ ટ્યુબ, ડીઝલ એન્જિન, ટ્રેક્ટર, સાઈકલ, ખેતીના યંત્રો, વીજળીથી ચાલતી મોટરો, વીજળીથી ચાલતા પંપ, સ્વીચ ગીઅર, કાપડ ઉદ્યોગની મશીનરી, વાહનોના ભાગ, મશીન ટુલ્સ જેવી અનેકવિધ ચીજવસ્તુઓનું ઉત્પાદન આ ઉદ્યોગોમાં થાય છે. ઈજનેરી ઉદ્યોગનો વિકાસ લઘુ ઉદ્યોગ તરીકે વધુ પ્રમાણમાં થયો છે. ગુજરાતમાં આજે ઈજનેરી ઉદ્યોગના 12000 કરતાં પણ વધુ એકમો આવેલા છે.

ગુજરાતના અમદાવાદમાં અનેક ઉદ્યોગોનો વિકાસ થયેલો છે. તેથી બજાર પણ સરળતાથી મળી રહે છે. તેથી ગુજરાતમાં ઈજનેરી ઉદ્યોગનું સૌથી મોટું કેન્દ્ર અમદાવાદ છે. વાહનવ્યવહારની સગવડ પણ અમદાવાદમાં વધુ હોવાથી ઈજનેરી ઉદ્યોગ વધુ સરળ રીતે વિકાસ પામ્યો છે.

દેશમાં જાહેરક્ષેત્રે મશીન ટૂલ્સના ઉત્પાદન કરતાં 115 મોટા એકમો આવેલા છે. તેમાંથી 6 એકમો ગુજરાતમાં છે. ગુજરાતમાં આજે 2500 કરતાં પણ વધુ મશીન ટુલ્સનું ઉત્પાદન કરતાં એકમો છે, જેમાંથી અમદાવાદ, ભાવનગર, સુરેન્દ્રનગર, નડીયાદ અને રાજકોટમાં તેના એકમો વધુ આવેલા છે. ગુજરાત દર વર્ષે અમેરિકા, કેનેડા, બ્રિટન, જર્મની હૉલેન્ડ અને ઓસ્ટ્રેલિયા જેવા વિકસિત દેશોમાં મશીન ટુલ્સની નિકાસ કરે છે.

**ગુજરાતમાં ઈજનેરી ઉદ્યોગ ક્યાં વિકસ્યો છે તે જોઈએ તો :**

- અમદાવાદ ઈજનેરી ઉદ્યોગનું સૌથી મોટું કેન્દ્ર છે, જે સ્ટીલની પાઈપ અને ઈલેક્ટ્રોનિક પંપનું ઉત્પાદન કરે છે.
- મોરબી જિલ્લામાં સિરામિક ઉદ્યોગનો સારો એવો વિકાસ જોવા મળે છે. આ જિલ્લામાં 1919માં શરૂ થયેલ પરશુરામનું કારખાનું શરૂ થયેલ છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે MSME સેક્ટરથી ગુજરાત આત્મનિર્ભરતાનું લક્ષ્ય પ્રાપ્ત કરી શકશે. ગુજરાતના મોરબીનો સિરામિક ઉદ્યોગ એકમાત્ર એવો ઈન્ડસ્ટ્રિઅલ પાર્ક છે, જે ચાઈનાને ઉત્પાદન ક્ષેત્રે હંફાવે છે. આ ઉપરાંત મોરબીમાં દિવાલ ઘડિયાળ બનાવવાનો ઉદ્યોગ વિકસ્યો છે. ગુજરાતની કુલ ઘડિયાળમાંથી 85% જેટલી દિવાલ ઘડિયાળ માત્ર મોરબીમાં બને છે.
- જામનગરમાં વિવિધ બ્રાસ પાર્ટ્સ બનાવવાના ઉદ્યોગ વિકાસ પામ્યો છે.
- જૂનાગઢ જિલ્લામાં ખેતીમાં ઉપયોગમાં લેવાતા વિવિધ યંત્રો બનાવવાનો ઉદ્યોગ વિકસ્યો છે.
- રાજકોટમાં તેમજ અમદાવાદ પાસે આવેલ કલોલમાં ડિઝલ એન્જિન બનાવવાનો ઉદ્યોગ વિકાસ પામ્યો છે.
- રાજકોટમાં કાપડ ઉદ્યોગની મશીનરી પણ બનાવાય છે.
- ખેડા જિલ્લામાં આવેલા નડિયાદમાં ઓટોમોબાઈલ પાર્ટ્સ- ખાસ કરીને ચોક-પિસ્ટન બનાવવાનો ઉદ્યોગ છે.
- વડોદરા પાસે આવેલા સાવલી પાસે વીજળીના પાર્ટ્સ, વીજળીના યંત્રો - મેટ્રો રેલવેના કાચ બનાવવાનો ઉદ્યોગ વિકાસ પામ્યો છે. તેમજ વડોદરામાં ઈલેક્ટ્રોનિક મોટર્સ અને ઈલેક્ટ્રિક મશીનરીનું ઉત્પાદન થાય છે.

- સુરતના ઈજનેરી ઉદ્યોગમાં વોટર હીટર બનાવવાનો ઉદ્યોગ સમાવિષ્ટ છે. આ ઉપરાંત સુરતમાં હીરા ઉદ્યોગનો વિકાસ ઉચ્ચ કોટિનો છે અને તેથી જ સુરતને 'ડાયમન્ડ સીટી' તરીકે ઓળખવામાં આવે છે.
- ભાવનગરની દક્ષિણ પૂર્વ દિશામાં 50 કિલોમીટરના અંતરે આવેલા અલંગમાં વિશ્વનો સૌથી મોટો વહાણ ભાંગવાનો ઉદ્યોગ વિકસ્યો છે. તેમજ સચાણા, જામનગર ખાતે પણ આ ઉદ્યોગ વિકાસ પામ્યો છે.

### 15.2.2 જહાજ બાંધવાનો ઉદ્યોગ :

- ભરૂચના દહેજ પર જહાજ બાંધવાના ઉદ્યોગમાં પ્રથમ ABG શિપયાર્ડ આવેલું છે. બીજું ડિફેન્સ ઑફ શોર એન્જિનિયર લિમિટેડ જે પિપાવાર બંદરે આવેલું છે. ત્રીજું ધ મોડેસ્ટ મસ્કોર શિપયાર્ડ જે ભાવનગરમાં આવેલું છે.
- મોટર્સ ઉદ્યોગ : (1) 2003માં જનરલ મોટર્સ ઇસુજ કંપની અને હિન્દુસ્તાન મોટર્સની સહાયક કંપની છે. જેમાં ઓપેલ કાર, સેવરો કાર અને તવેરાનો સમાવેશ થાય છે. (2) વર્ષ 2010માં તાતા નેનો કાર જે પ્લાન્ટ અમદાવાદ પાસે સાણંદ મુકામે આવેલો છે, જે પ્લાન્ટ હવે બંધ છે. (3) હોન્ડાનો પ્લાન્ટ અમદાવાદમાં વિઠ્ઠલનગર ખાતે છે. (4) મારૂતિ સુઝુકીનો પ્લાન્ટ જે મહેસાણાના બહુચરાજી ખાતે આવેલો છે. (5) ઓરેવા પ્લાન્ટ જે કચ્છ જિલ્લામાં આવેલો છે.
- વડોદરાના વાઘોડિયા પાસે GIIC અને હીરો હાઈકલ્સના સંયુક્ત સાહસથી સ્થાપેલ ગુજરાત સાઈકલ્સ લિમિટેડ છે જે સાઈકલ્સ ઉદ્યોગ માટે પ્રખ્યાત છે.

## 15.3 પેટ્રો કેમિકલ્સ ઉદ્યોગ

ખનીજતેલને શુદ્ધ કરવાથી જે આડપેદાશ મળે છે તેને 'પેટ્રો કેમિકલ્સ' કહે છે. ખનીજતેલ શુદ્ધ કર્યા પછી તેમાંથી પેટ્રોલ, ડીઝલ, કેરોસીન વગેરે મળે છે. બાકીના પદાર્થને 'નેપ્થા', 'ક્રેકર' કહે છે. નેપ્થાને આધારે અન્ય ઘણાં ઉદ્યોગોનો વિકાસ થયો છે. જેને સમગ્ર રીતે 'પેટ્રો કેમિકલ્સ' ઉદ્યોગ કહે છે.

ગુજરાત રાજ્યની સ્થાપના થઈ એ સાથે જ વડોદરા નજીક કોયલી ખાતે ગુજરાત રિફાઈનરીની સ્થાપના થઈ છે. ગુજરાતમાં અંકલેશ્વર અને ઉત્તર ગુજરાતના તેલ ક્ષેત્રોમાંથી આવતું ક્રુડ ઓઈલ પ્રોસેસ કરવાની યોજના ઘડાઈ. જેણે ગુજરાતના ઔદ્યોગિક વિકાસનું ચિત્ર પલટાવી નાંખવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. આમ, ભારતમાં ખનીજતેલ પર આધારિત પેટ્રો-કેમિકલ્સના મોટા ઉદ્યોગોનો આરંભ કરવાનું માન ગુજરાતને ફાળે જાય છે. ગુજરાતમાં આ ઉદ્યોગ વડોદરાથી શરૂ થઈ દક્ષિણ ગુજરાતના કિનારાના પટ્ટામાં ઝડપથી વિકસી રહ્યો છે. ગુજરાત રિફાઈનરીની કાચા તેલની શુદ્ધિકરણની ક્ષમતા 125 લાખ ટન જેટલી છે. ભારતનો પ્રથમ પેટ્રો-કેમિકલ્સ સંકુલ 'ઇન્ડિયન પેટ્રો-કેમિકલ્સ કોર્પોરેશન લિમિટેડ - 1969'માં વડોદરામાં સ્થાપ્યો. આ ઉપરાંત રંગો, જંતુનાશક દવાઓ ડાઈસ્ટ દવાઓ, ઈલેક્ટ્રિકલ, મિકેનિક અને ઈલેક્ટ્રોનિક્સ સાધનો તેમજ યંત્રોના વિવિધ ભાગ ખોરાકની જાળવણી માટેના પદાર્થો વગેરે અનેક જાતના ઉત્પાદન એરોમેટિક પ્રોજેક્ટ આધારિત ઉદ્યોગોની સ્થાપના ગુજરાતમાં થઈ છે. ત્યારપછી ભરૂચમાં ACPCIR, જામનગરમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને ESSAR Oil કંપનીએ આ ઉદ્યોગમાં છે. પ્રગતિ કરી છે. પેટ્રો કેમિકલ્સ સંકુલનો બીજું એક એકમ 'નેપ્થા ક્રેકર પ્રોજેક્ટ છે.' આ એકમ

સાડા ચાર લાખ ટન નેપ્થાનો ઉપયોગ કરે છે. આ એકમમાં પોલીમર ગ્રેડનું પ્રોપિલીન, કેમિકલ ગ્રેડનું પ્રોપિલીન્થમાંથી એક્રીલોનાઈટ્રાઈલ અને તેમાંથી એક્રીલીક ફાઈબર બને છે. જેનો ઉપયોગ અન્ડરવેર અને ઓવરકોટ બનાવવા માટે થાય છે.

પેટ્રોકેમિકલ્સનો ઉપયોગ ડિટર્જન્ટ્સ રાસાયણિક ખાતરો, દવાઓ, રંગો, પ્લાસ્ટિક સિન્થેટિક રેસાઓ અને સિન્થેટિક ‘રબર’ બનાવવામાં થાય છે. પ્લાસ્ટિક ઘણો મહત્ત્વનો પદાર્થ છે હવે તો લાકડાં, કાચ, અને ધાતુને સ્થાને પણ તેનો ઉપયોગ થવા લાગ્યો છે.

તાજેતરમાં એસોસિયેટ ચેમ્બર્સ ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રિ ઑફ ઈન્ડિયા તેમજ PWC દ્વારા બહાર પાડવામાં આવેલ એક અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે રો-મટિરિયલ્સની સરળ ઉપલબ્ધિ અને ઉદ્યોગમાં સતત થઈ રહેલું રોકાણ ગુજરાતને ઔદ્યોગિક ક્ષેત્રે હજુ વધુ મજબૂત બનાવશે.

વડોદરા, ભરૂચ, ભાવનગર, અમદાવાદ, આણંદ, મહેસાણા અને વલસાડ વગેરે આઈડેન્ટિફાઈડ કેમિકલ પ્રોડક્ટ ક્લસ્ટર્સ છે અને તેથી જ ટેક્નોલૉજી ડેવલપમેન્ટમાં રોકાણ વધ્યું છે અને આ ઉદ્યોગે તેની સિદ્ધતા સાબિત કરી દીધી છે અને તેથી જ ગુજરાતને ભારતના ‘ધ પેટ્રોલિયમ કેપિટલ ઑફ ઈન્ડિયા’ તરીકે ઓળખવામાં આવે છે.

જો કે આ ઉદ્યોગને વૈશ્વિક ધોરણે સ્પર્ધા કરવામાં કેટલીક મુશ્કેલીઓ નડે છે. જેવી કે ભારતીય કેમિકલ ઉદ્યોગમાં ઓછી ક્ષમતા ધરાવતા પ્લાન્ટ્સ, રો-મટિરિયલ, ઊર્જા અને બળતણનો ઊંચો ખર્ચ અને રોડ, બંદરો તેમજ વીજળીના પુરવઠામાં વૈશ્વિક કક્ષાના માળખા–સુવિધાઓનો અભાવ ઓછી સ્પર્ધાત્મકતા અને મજૂર કાયદાઓ વગેરે ભારતીય કેમિકલ ઉદ્યોગ માટે ચિંતાનું કારણ છે.

આથી, આ ઉદ્યોગે એક અથવા વધુ વિસ્તારોમાં રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. બેઝિક કેમિકલ ક્ષેત્ર એ પ્રોસેસ ઈનોવેશન અને પ્રોડક્ટ ડેવલપમેન્ટ પર ધ્યાન આપીને તેમજ પર્ફોર્મન્સ તથા પ્રોડક્ટ્સની ગુણવત્તામાં સુધારો કરીને પોતાની સ્પર્ધાત્મકતા વધારવી પડશે. નૉલેજ આધારિત કેમિકલ ઉદ્યોગમાં સક્રિય કંપનીઓએ પ્રોડક્ટ લીડરશીપ અને પ્રોસેસ ઈનોવેશન્સ કરવું જ પડશે.

## 15.4 સુતરાઉ કાપડ ઉદ્યોગ

ગુજરાતમાં કાપડ ઉદ્યોગ અને એમાંય સુતરાઉ કાપડ ઉદ્યોગ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ગુજરાતમાં સુતરાઉ કાપડ ઉદ્યોગના સ્થાનીયકરણ અને વિકાસ માટે ઘણી બધી અનુકૂળતા રહેલી છે. જેમ કે ગુજરાતમાં લગભગ 25 લાખ હેક્ટર જમીનમાં કપાસનું વાવેતર થાય છે. ગુજરાતી જમીન કાળી છે. જે કપાસ માટે ખૂબ જ અનુકૂળ હોવાથી કપાસનું ઉત્પાદન મોટા પ્રમાણમાં થાય છે. આમ છતાં ઊંચી કક્ષાના મુલાયમ કપડાના ઉત્પાદન માટે જરૂરી લાંબા તારનું ઉત્પાદન ઇજિપ્ત, સુદાન કે પાકિસ્તાનમાંથી આયાત કરવામાં આવે છે.

ગુજરાતમાં કાપડ ઉદ્યોગના વિકાસની શરૂઆતના તબક્કામાં જરૂરી યંત્ર સામગ્રી મુંબઈ બંદર દ્વારા વિદેશમાંથી આયાત કરવામાં આવતી હતી. પરંતુ હવે દેશમાં જ મશીનરી બનાવતા ઉદ્યોગનો વિકાસ થયો હોવાથી દેશમાંથી જ ઉદ્યોગ માટે જરૂરી મોટા ભાગની મશીનરી દેશમાંથી જ મળી રહે છે. ગુજરાતમાં સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગરમાં ત્રાકો સ્પિનિંગ માટેની રિંગ, ફ્રેમ, બોબીન ફોલ્ડર, વુડન બોક્સ, બોબીન મશીન તેમજ શટલ વગેરે સાધનનું ઉત્પાદન થાય છે.

દેશના સુતરાઉ કાપડના કુલ ઉત્પાદનના લગભગ 21% જેટલું કાપડનું ઉત્પાદન

માત્ર અમદાવાદ કેન્દ્ર જ કરે છે. આ ઉપરાંત સુરત, વડોદરા, નવસારી, કલોલ, બિલિમોરા, ભરૂચ, ખંભાત, પેટલાદ, નડિયાદ અને ભાવનગર વગેરે શહેરોમાં પણ સુતરાઉ કાપડની મિલો આવેલી છે. વર્ષ 2019-20માં ચાલુ કરાખાનાની દૃષ્ટિએ આ ઉદ્યોગ દેશમાં પાંચમા ક્રમે છે. આજ વર્ષમાં કારખાનામાં રોકાયેલા શ્રમિકોમાંથી 24% જેટલા શ્રમિકો સુતરાઉ કાપડ ઉદ્યોગમાં રોકાયેલા છે. એ જ રીતે વર્ષ 2019-20માં રોજગારી પૂરી પાડવાની દૃષ્ટિએ સુતરાઉ કાપડ ઉદ્યોગ દ્વિતીય ક્રમે આવે છે.

આ ઉપરાંત 24000 થી 25000 જેટલી હાથસાળો અને ત્રણ લાખ કરતાં વધુ યાંત્રિકસાળો નાના પાયાના ઉદ્યોગ તરીકે ગુજરાતમાં વિકસ્યો છે. એકલા સુરત શહેરમાં જ દેશની 40% જેટલી યાંત્રિક સાળો છે. સુરત, ખંભાત, ધોળકા, વગેરે હેન્ડલુમ અને પાવર લુમથી બનતા કાપડ ઉદ્યોગના મહત્ત્વના કેન્દ્રો છે. આ ઉપરાંત મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા, અમદાવાદ, સુરેન્દ્રનગર, ભાવનગર, રાજકોટ, ડાંગ અને ખેડા જેવા હાથસાળ ઉદ્યોગના કેન્દ્રોનો વિકાસ થયો છે. હેન્ડલુમ ઉદ્યોગમાં ખાસ કરીને જાડા કાપડનું ઉત્પાદન થાય છે. વર્તમાન સમયમાં પડદાનું કાપડ, સાડીઓ જેવી કે પોલિએસ્ટર, કલકત્તી, ચંદેરી, રેશમી, ખંભાતના ઘરચોળા, ટર્કીશ ટુવાલ, ચાદરો, મશરૂમ કાપડ વગેરેનું ઉત્પાદન હાથસાળ ઉદ્યોગમાં થાય છે. જ્યારે પાવરલુમ ઉદ્યોગોમાં સાડીઓ તેમજ ધોતી માટેના કાપડનું ઉત્પાદન વધુ પ્રમાણમાં થાય છે. હેન્ડલુમ ઉદ્યોગનો વધુ વિકાસ થાય એ માટે ગુજરાત રાજ્ય હાથસાળ વિકાસ કોર્પોરેશનની રચના કરવામાં આવી છે.

ગુજરાતમાં લગભગ 20થી 25000 અંબર ચરખા ચાલે છે. તેમજ 10થી 15000 પારંપરિક ચરખા ચાલે છે. ખાદી ઉદ્યોગ 50,000 જેટલા શ્રમિકોને રોજગારી પૂરી પાડે છે. ખાદી ઉત્પાદન અને વેચાણનું યોગ્ય આયોજન કરવામાં આવે તો 3 લાખ કરતાં પણ વધુ રોજગારીનું સર્જન કરી શકાય છે.

ગુજરાત એ કાચું રેશમ વાપરનાર એક મુખ્ય રાજ્ય છે. આથી ગુજરાતમાં કોશેટા ઉછેર ઉદ્યોગનો વિકાસ કરવામાં આવે તો રેશમકામ માટે રેશમના કાચા માલનું ઉત્પાદન કરી શકાય જેથી ખેતમજૂરો અને વણકરોને આ પ્રવૃત્તિથી રોજગારી પ્રાપ્ત થઈ શકે. કચ્છમાં 12 જેટલા ગાલીચા વણાટ કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી છે.

આમ, દેશમાં અને ગુજરાતમાં વધુ પ્રમાણમાં રોજગારી પૂરી પાડતો ઉદ્યોગ એ કાપડ ઉદ્યોગ છે. ગુજરાતમાં સૌ પ્રથમ અમદાવાદમાં શાહપુર મિલ તથા કેલિકો મિલ સ્થપાઈ. સસ્તો કપાસ, શ્રમિકોની ઉપલબ્ધિ, પરિવહન સુવિધા, નિકાસ માટેના બંદરો તેમજ યોગ્ય બજાર મળવાને કારણે અહીં સુતરાઉ કાપડની મિલો સ્થપાઈ અને તેથી જ ગુજરાતમાં અમદાવાદ પૂર્વનું માન્ચેસ્ટર તથા ડેનિમ સીટી ઑફ ઇન્ડિયા પણ કહે છે.

આજે કાપડ ઉદ્યોગ ઉત્તમ પ્રકારના કપાસની અછત, જૂના યંત્રોની વપરાશ, અનિયમિત વિદ્યુત પુરવઠો, કૃત્રિમ રેશમના કાપડની સ્પર્ધા તથા વૈશ્વિક બજારમાં તીવ્ર સ્પર્ધાનો સામનો કરી રહ્યો છે. વિશ્વના અન્ય દેશોમાં સુતરાઉ કાપડના ઉત્પાદનના વિકસેલા નવા કેન્દ્રો અને અમદાવાદની મિલોમાં યંત્ર સામગ્રીના આધુનિકરણનો અભાવ એ અમદાવાદના સુતરાઉ કાપડ ઉદ્યોગની મુખ્ય સમસ્યાઓ હોવાથી અમદાવાદમાં મોટા ભાગની કાપડની મિલો બંધ થઈ ગઈ છે.

## 15.5 સિમેન્ટ ઉદ્યોગ

ગુજરાતના ઉદ્યોગોમાં સિમેન્ટ ઉદ્યોગ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ગુજરાતમાં સિમેન્ટ ઉદ્યોગનો વિકાસ સારા એવા પ્રમાણમાં થયો છે. સિમેન્ટ એક અગત્યનો બાંધકામ માટેનો

પદાર્થ છે. સિમેન્ટ એક એવી નીપજ છે. જે ચૂનામાં (Cao) સમૃદ્ધ હોય તેવા પદાર્થ સાથે બીજા પદાર્થ જે સિલિકા (SiO2) ધરાવે છે. તેને એલ્યુમિનિયમ, મેગ્નેશિયમ અને આર્યન બોક્સાઈડ સાથેની પ્રક્રિયામાંથી મેળવાય છે.

ચીન પછી સિમેન્ટ ઉત્પાદનમાં વિશ્વમાં ભારતનો બીજો ક્રમ છે. ચૂના, પથ્થર, કોલસો, ચિરોડી, બોક્સાઈટ, ચીકણી માટી વગેરે સિમેન્ટ બનાવવાનો કાચો માલ છે. કાચો માલ અને ઉત્પાદનો વજનમાં ભારે હોવાથી સિમેન્ટના કારખાનાં જ્યાં કાચો માલ વધુ પ્રમાણમાં ઉપલબ્ધ છે. ત્યાં સ્થપાયા છે.

કોઈપણ દેશ, રાજ્ય માટે લોખંડ પછી સ્ટીલ પછીની ખાસ જરૂરિયાતની પસંદગી વસ્તુ સિમેન્ટ છે. તેના ઉપયોગો જોઈએ તો :

(અ) રસ્તાઓ, ઈમારતો, પુલ અને બંધના બાંધકામમાં

(બ) કોન્ક્રિટની બનાવટમાં

(ક) લોખંડના સળિયાઓની આસપાસ પોર્ટલેન્ડ સિમેન્ટ યુક્ત કોન્ક્રિટ ભરીને તેને સેટ થવા દેતાં અત્યંત સખત અને સ્થિતિસ્થાપક રેઈનફોર્સ્ડ કોન્ક્રિટ સિમેન્ટ (RCC) બને છે. જેનો ઉપયોગ છાપરા, પુલ, રસ્તા વગેરેમાં થાય છે.

ગુજરાતમાં સિમેન્ટની ફેક્ટરીઓ ક્યાં આવેલી છે તે જોઈએ તે :

– **અંબુજા સિમેન્ટ :** આ સિમેન્ટનું કારખાનું ગીર સોમનાથ જિલ્લાના કોડિનાર તાલુકાના અંબુજાનગર પાસે આવેલું છે.

  આ ઉપરાંત ગીર સોમનાથ જિલ્લાના સૂત્રાપાડાના સિદ્ધપુર ગામ પાસે સિમેન્ટ કોર્પોરેશન ઑફ ગુજરાત લિમિટેડનો પ્લાન્ટ આવેલો છે. જે પોટલેન્ડ સિમેન્ટ માટે જાણીતો છે.

– **અલ્ટ્રાટેક સિમેન્ટ :** આદિત્યા અને બિરલા ગ્રૂપ અંતર્ગત અલ્ટ્રા ટ્રેક સિમેન્ટની ફેક્ટરી અમરેલીના જાફરાબાદ તાલુકાના બાબરપુર અને રાજુલા તાલુકાના કોવાયા ખાતે આવેલી છે.

– **ગુજરાત હિમાલય સિમેન્ટ :** આ કંપની પોરબંદરના રાણાવાવ તાલુકામાં આવેલી છે. જે સફેદ સિમેન્ટના ઉત્પાદન માટે જાણીતી છે.

– **સાંધિ સિમેન્ટ :** સાંધિ સિમેન્ટની ફેક્ટરી કચ્છના અબડાસા અને મોટીબેર ખાતે આવેલી છે.

– **દિગ્વિજય સિમેન્ટ :** આ ફેક્ટરી જામનગરના સિક્કા ખાતે આવેલી છે.

– **હાઈબોર્ડ સિમેન્ટ :** સિમેન્ટની આ ફેક્ટરી રાજકોટ જિલ્લાના ગોંડલ ખાતે આવેલી છે.

– **નર્મદા સિમેન્ટ :** જેની ફેક્ટરી ભરૂચ પાસેના નર્મદા નગર ખાતે આવેલી છે.

જોકે સિમેન્ટ ઉદ્યોગ સામે કેટલીક સમસ્યાઓ રહેલી છે. જેવી કે, સ્થાનીયકરણની સમસ્યા, સ્થાપિત ક્ષમતાઓનો ઓછો ઉપયોગ, કોલસાક્ષેત્ર અંતરમાં ખૂબ જ દૂર છે. મશીનો, યંત્રો, ઉપકરણોની વધતી કિંમત અને પરિણામે સિમેન્ટ ઉત્પાદનના ખર્ચમાં વધારો. આ બધી સમસ્યાઓ હોવા છતાં ગુજરાતનો સિમેન્ટ ઉદ્યોગની ઉત્પાદન ક્ષમતા વધી રહી

છે.

## 15.6 રસાયણ ઉદ્યોગ

ગુજરાતના ઔદ્યોગિક વિકાસમાં રસાયણ ઉદ્યોગોનો ફાળો સારો એવો છે. રસાયણ ઉદ્યોગની 3100 કરતાં પણ વધુ ફેક્ટરીઓ ગુજરાતમાં છે. લગભગ 14270 જેટલા લઘુ ઉદ્યોગના એકમો પણ વિવિધ રસાયણોનું ઉત્પાદન કરે છે અને તેથી જ ગુજરાતને રસાયણ ઉદ્યોગનું હબ ગણવામાં આવે છે.

ગુજરાતમાં રસાયણ ઉદ્યોગનો વિકાસ મીઠાપુર, અમદાવાદ, વડોદરા, વલસાડ, તાપી, ઉધના, પોરબંદર, ભાવનગર, ધાંગધ્રા, અંકલેશ્વર વગેરે કેન્દ્રોમાં થાય છે. મીઠાપુરમાં તાતા કેમિકલનું સૌથી મોટું એકમ છે. મીઠાપુરના કારખાના માટે જરૂરી કાચોમાલ, મીઠું અને બ્રાઈન સ્થાનિક પ્રદેશમાંથી મોટેભાગે મળે છે.

દેશના કુલ ઉત્પાદનના 78% મીઠું માત્ર ગુજરાત ઉત્પન્ન કરે છે. જેમાંથી મોટાભાગનું ઉત્પાદન સૌરાષ્ટ્ર અને કચ્છમાં થાય છે. મીઠાપુરનું તાતા કેમિકલ્સનું એકમ સોડાએશ, કોસ્ટિક સોડા, બ્લિચિંગ પાઉડર, હાઈડ્રોક્લોરિક એસિડ, ઝિંક ક્લોરાઈડ સોડિયમ બાય કાર્બોનેટ અને બીજા અનેક રસાયણોનું ઉત્પાદન કરે છે. ગુજરાત દેશનું 50% એટલે કે 12 લાખ ટન કોસ્ટિક સોડાનું ઉત્પાદન કરે છે. મીઠાપુર, ધાંગધ્રા તેમજ પોરબંદર આ ત્રણેય કેન્દ્રો ગુજરાતનું મોટાભાગનું સોડાએશનું ઉત્પાદન કરે છે. ગુજરાતમાં સોડાનું ઉત્પાદન દેશના ઉત્પાદનના 14.06% જેટલું છે. ગુજરાત રાજ્યના કુલ વાર્ષિક રોકાણોમાં રાજ્યનો રસાયણ ઉદ્યોગ અંદાજિત અડધા જેટલું રોકાણ ધરાવે છે. રાજ્યમાં જાયલીન, ટોલ્યુનસ બેન્ઝિન જેવા પાયાના રસાયણો મળવાથી બીજા કાર્બનિક રસાયણ ઉદ્યોગોનો વિકાસ થઈ શક્યો છે.

ગુજરાતમાં હજુ પણ રસાયણ ઉદ્યોગના વિકાસની ઘણી શક્યતાઓ રહેલી છે. ગુજરાતમાં ઇન્ડિયન પેટ્રોકેમિકલ્સ સંકુલની આડપેદાશો રૂપે પેકિંગ માટેની ચીજવસ્તુઓ બનાવી શકાય તેમ હોવાથી તથા ગુજરાત સૌંદર્ય પ્રસાધનોના ઉદ્યોગને ઉદ્યોગ માટેની સગવડો તથા વિશાળ બજાર પ્રાપ્ત થઈ શકે તેમ છે.

### 15.6.1 રાસાયણિક ખાતર ઉદ્યોગ :

સેન્દ્રિય ખાતર અને જૈવિક ખાતર દ્વારા પાકની પોષક તત્ત્વની સંપૂર્ણ માંગ સંતોષાતી નથી. આથી પાકના સંપૂર્ણ વિકાસ અને મહત્તમ ઉત્પાદન મેળવવા માટે રાસાયણિક ખાતરનો ઉપયોગ અનિવાર્ય છે. રાસાયણિક ખાતરોનું યોગ્ય વ્યવસ્થાપન કરવામાં આવે તો અત્યંત કાર્યક્ષમ, સસ્તા અને પાકની જે તે પોષકતત્ત્વની જરૂરિયાતને સંતોષવામાં સક્ષમ બની શકાય તેમ છે. ગુજરાતમાં રાસાયણિક ખાતર બનાવવાના કયા ઉદ્યોગો વિકાસ પામ્યા છે એ જોઈએ તો :

- GSFC (Gujarat State Fertilizers and Chemicals Limited) (GSFC) :

  આ કંપની વડોદરા શહેરના જવાહરનગર પાસે આવેલી એક મિડ કેપ કંપની છે. જેની સ્થાપના 1962માં થઈ હતી. આ કંપની પ્લાસ્ટિક્સ, નાયલોન, ફાઈબર્સ, ઔદ્યોગિક ગૅસ, તેમજ અનેક પ્રકારના કેમિકલ જેવા કે યુરિયા, એમોનિયા, એમોન, સલ્ફેટ, સલ્યુરીક એસિડ, ફોસ્ફેરીક એસિડ, મેલેમાઈન વગેરેનું ઉત્પાદન કરે છે. આ કંપનીની વિશેષતા એ છે કે, તે એશિયાનું સહાયકારી ક્ષેત્રનું સૌથી મોટું એકમ છે.

– IFFCO (Indian Farmers Fertiliser Co-operative Limited) :

IFFCO એ કંડલામાં આવેલી છે. જેની સ્થાપના 1967માં થઈ છે. જેનું વાર્ષિક ઉત્પાદનની ક્ષમતા વર્ષ 2022માં દૈનિક 9,16,600 (MT) મિલિયન ટન છે. IFFCO ની વિશેષતા એ છે કે નાઈટ્રોજન અને પોટેશિયમ યુક્ત ફોસ્ફરસ ખાતરનું ઉત્પાદન કરે છે.

– GNFC (Gujarat Narmada Valley Fertilizers and Chemicals Limited) :

આ કંપની ભરૂચના ચાવજ ખાતે આવેલી છે. આ કંપનીએ 1982માં ખાતરનું ઉત્પાદન શરૂ કર્યું હતું. આ કંપનીની વિશેષતા એ છે કે તે વિશ્વની સૌથી મોટી સિંગલ-સ્ટ્રીમ એમોનિયા ખાતર ઉત્પન્ન કરતી એકમાત્ર કંપની છે.

– KRIBHCO (Krishak Bharati co-Operative Limited) :

ક્રિભકો એ ગુજરાત રાજ્યના દક્ષિણ ભાગમાં આવેલા સુરત જિલ્લામાં ચોર્યાસી તાલુકામાં આવેલા હજીરા ગામ ખાતે આવેલું છે. જેનો શિલાન્યાસ માજી વડાપ્રધાન સ્વ. ઈંદિરાબેન ગાંધીના શુભહસ્તે તા. 5-2-1982ના રોજ થયો હતો. અહીં પ્રવાહી એમોનિયા અને યુરિયા ખાતરનું ઉત્પાદન મોટા પ્રમાણમાં થાય છે. તેમજ જૈવિક ખાતરનું ઉત્પાદન પણ થાય છે. આ કંપનીની વિશેષતા એ છે કે તે 40% ફોસ્ફરસ ખાતરનું અને 29.21% નાઈટ્રોજન ખાતરનું ઉત્પાદન કરે છે. આ કંપનીમાં ગુજરાતમાં ફોસ્ફરસ ખાતરનું સૌથી વધુ ઉત્પાદન થાય છે.

### 15.6.2 દવા ઉદ્યોગ :

ગુજરાતમાં દવા ઉદ્યોગ 110 વર્ષ પહેલાં શરૂ થયો હતો અને આજે ગુજરાત ફાર્મા હબ તરીકે ઊભરી આવ્યું છે. રાજ્યમાં ઉત્પાદિત થતી દવાઓ તથા દવા ઉત્પાદન ક્ષેત્રએ લોકોનો સંપૂર્ણ ભરોસો અને વિશ્વાસ સંપાદિત કર્યો છે. ગુણવત્તા-શ્રેષ્ઠતાના માપદંડો ઉપર પણ ગુજરાતનો દવા ઉદ્યોગ સફળ નીવડ્યો છે.

માજી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વર્ષ 2019-20માં વાયબ્રન્ટ સમિટમાં જણાવ્યું હતું કે રાજ્યમાં કાડીયાર્ક સ્ટેન્ડ, ઓર્થોપેડિક ઈમ્પ્લાન્ટ્સ વગેરેના ઉત્પાદનમાં થઈ રહેલી 70% કરતાં વધુ પ્રગતિ થઈ છે અને તેઓએ આ અંગે તજ્જ્ઞોને બિરદાવ્યા હતા. ગુજરાતમાં દવાઓનું ઉત્પાદન કરતાં લગભગ 260 એકમો આવેલા છે. તેમાં એલેમ્બિક સારાભાઈ કેમિકલ્સ સેનીટેક્સ કોર્પોરેશન, કેડિલા, અતુલ પ્રોડક્ટ્સ, ટોરેન્ટ, મિલ્મેટ જી. ફાર્માસ્યૂટિકલ્સ, હાર્લેસ્ટ્રીટ, લિંકન, ઝન્ડુ, એલિસ ગ્રૂપ ઓવ્ર કંપની, ડેનિસ કેમ, યુફોરિક ફાર્માસ્યૂટિકલ્સ, લ્યૂપિન, લાયકા, અશ્વિની અને બીજી અનેક કંપનીઓનો સમાવેશ થાય છે. રાજ્ય સરકાર તરફથી આ ઉદ્યોગના વિકાસ માટે ઔદ્યોગિક વસાહતો સ્થાપવામાં આવી છે. 20% જેટલી સબસીડી પણ આપવામાં આવે છે. દવા ઉદ્યોગ માટે વડોદરામાં આવેલા ઔષધિ નિયમન કેન્દ્ર પાસે પ્રયોગશાળાની સગવડ પણ કરવામાં આવી છે.

જો કે ગુજરાતમાં ફાર્માસ્યુટિકલ ઉદ્યોગો સામે કેટલીક સમસ્યાઓ રહેલી છે. જેવી કે વિદેશી કંપનીઓની હરીફાઈ, મૂડીની અછત, સરકારની નીતિ, ઉત્પાદન નીતિ તેમજ ભાવ નિયંત્રણ નીતિ, તેમજ ગુજરાતમાં પ્રયોગશાળાઓનું ઓછું પ્રમાણ વગેરે.

## 15.7 ખાંડ ઉદ્યોગ :

ગુજરાતમાં અને એમાંય ખાસ કરીને દક્ષિણ ગુજરાતનો મહત્ત્વનો રોકડિયો પાક

એટલે શેરડી. કૃષિ આધારિત ઉદ્યોગમાં કાપડ ઉદ્યોગ પછી દ્વિતીય ક્રમે ખાંડ ઉદ્યોગ આવે છે. ગુજરાતમાં સિંચાઈની સુવિધામાં વધારો થતાં સહકારી ક્ષેત્રે ખાંડ ઉદ્યોગનો વિકાસ થવાને કારણે શેરડીના પાક હેઠળના વિસ્તારમાં વધારો થયો છે અને એમાંય સંશોધન દ્વારા બિયારણની સુધારેલી જાતો તેમજ આધુનિક ખેતી અપનાવવાને કારણે પ્રતિ હેક્ટરે 81 ટન ઉત્પાદતા છે તે વધીને લગભગ 100 ટન સુધી વધી છે. શેરડીના રસમાંથી ગોળ અને ખાંડ બનાવવામાં આવે છે. શેરડીના કુચાને બગાસ કહે છે. તેમાંથી પૂંઠા બનાવવામાં આવે છે. ગુજરાતમાં સુરત, ભરૂચ, નવસારી, વલસાડ, બારડોલી, ઉના, કોડિનાર અને ગણદેવીમાં ખાંડના કારખાના આવેલા છે. મોટાભાગના કારખાના ખાંડની સાથે ગોળ તથા ખાંડસરી પણ બનાવે છે.

ગુજરાતની સર્વપ્રથમ ખાંડની સહકારી ફેક્ટરી બારડોલી ખાતે આવેલી છે. ગુજરાતનો ખાંડ ઉદ્યોગ હવે આત્મનિર્ભરતાના શિરે પહોંચી ગયો છે.

ઇન્ડિયન સુગર મિલ્સ એસોસિએશન (ISMA) દ્વારા સંકલિત કરવામાં આવેલા ડેટા મુજબ 30 નવેમ્બર, 2021 સુધીમાં ગુજરાતમાં ખાંડ મિલોએ 1.66 લાખ ટન ખાંડનું ઉત્પાદન કર્યું હતું. ખેડૂતો હવે ટપક સિંચાઈ પદ્ધતિ અપનાવી રહ્યા છે. સુગર પ્લાન્ટનું આધુનિકીકરણ અને અન્ય સંશોધન તેમજ વિકાસની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે.

બારડોલી સુગર ફેક્ટરીને 2010-11ના સિઝન દરમિયાન "Highest Cane Crushing during in India, 2009-2010" નો એવૉર્ડ મળેલ છે. આ સિદ્ધિ બારડોલી સુગર ફેક્ટરી છેલ્લાં 3 વર્ષથી મેળવી રહી છે.

નર્મદા સુગર ફેક્ટરીને 2010-2011ની સિઝન દરમિયાન "Best Financial Management" ઍવૉર્ડ મળેલ છે.

ખાંડ ઉદ્યોગ સામેની મોટી સમસ્યા એ છે કે છેલ્લાં કેટલાક વર્ષોથી પાકમાં જ્યારે રોગ-જીવાતોનો ઉપદ્રવ વધે છે ત્યારે ઉત્પાદન ખર્ચ વધે છે અને તેના પોષણક્ષમ ભાવો મળતા નથી. આથી શેરડીની વૈજ્ઞાનિક ખેત પદ્ધતિઓનો ખેડૂત સ્વીકાર કરે અને ઉત્પાદન ખર્ચમાં કરકસર કરીને ગુણવત્તા સભર તેમ છે ઉત્પાદન મેળવીને ખેડૂતોને જો પોષણક્ષમ ભાવ મળે તો આ ઉદ્યોગનો હજુ વધુ વિકાસ થઈ શકે.

## 15.8 ગુજરાતનો ખાણ અને ખનીજ ઉદ્યોગ :

ગુજરાતના ઉદ્યોગોમાં ખાણ અને ખનીજ ઉદ્યોગ ખૂબ મહત્ત્વ ધરાવે છે. ગુજરાતની ખનીજ સંપત્તિમાં ચિનાઈ માટી ? પ્લાસ્ટિક ક્લે, જિપ્સમ (ચિરોડી), અકીક, ચૂનાનો પથ્થર, તાંબુ, સીસું, જસત, ગ્રેફાઈટ લિગ્નાઈટ કોલસો બોક્સાઈટ આરસ પહાણ, ખનીજ તેલ અને કુદરતી વાયુ, થર્મલ વિદ્યુત મથક, જળ વિદ્યુત મથક, ગોબર ગેસ, ફ્લોરસ્પાર કેલ્સાઈટ, ફ્લુઅરસ્પાર, કુંદી કરવાની માટી વગેરેનો સમાવેશ થાય છે.

જેમાં ચિનાઈ માટીનું ભારતનું સૌથી મોટું કેન્દ્ર ગુજરાતના સાબરકાંઠા જિલ્લાનું આરસોડિયા છે. ભરૂચ જિલ્લાનું અંકલેશ્વર તાલુકાનું તેલક્ષેત્ર એ ભારતનું સૌથી મોટું ખનીજ તેલક્ષેત્ર છે. અકીક અને ફ્લોરસ્પારના ઉત્પાદનમાં ગુજરાત અગ્રસ્થાને છે. થર્મલ વિદ્યુતમથક ગાંધીનગર, ધુવારણ, ઉકાઈ, ઉત્પાદનમાં પાન્ધો, સાબરમતી, વણાકબોરી, સિક્કા, ઉતરાણ, કડાણા, હજીરા, માંગરોળ અને કંડલા ખાતે આવેલું છે. જ્યારે ગોબરગેસ પ્લાન્ટ અમદાવાદ જિલ્લાના દસકોઈ તાલુકાના ઉદ્તલ ગામ અને દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે આવેલ છે. એશિયા ખંડનું સૌ પ્રથમ ગોબરગેસપ્લાન્ટ સિદ્ધપુર તાલકાના મેથાણ ગામે પાટણ જિલ્લાના ઉત્તર ગુજરાતમાં આવેલું છે.

ગુજરાત સરકાર ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે સતત પ્રયત્નશીલ છે. જેના કારણે આજે (FDI) વિદેશી સીધા મૂડીરોકાણમાં ગુજરાત અવ્વલ નંબરે છે. ખાણ-ખનીજ વિભાગ માટે વર્ષ 2022-2023માં રૂ. 5,99,724.95 લાખની અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવી હતી.

## 15.9 ગુજરાતનો ડેરી ઉદ્યોગ :

દેશના અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં ડેરી ઉદ્યોગ સારા પ્રમાણમાં વિકસ્યો છે. ખાસ કરીને ગુજરાતમાં ખેતીના પૂરક વ્યવસાય તરીકે પશુપાલન વ્યવસાય - ડેરી ઉદ્યોગ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ગુજરાતમાં ટોચની અમૂલ, સાબર અને દૂધ સાગર સહિતની ડેરીઓ આવેલી હોવાથી ગુજરાતને બીજું ડેન્માર્ક પણ કહે છે.

એશિયાની સૌથી મોટી ડેરી અમૂલ છે અને અમૂલ ડેરી વૈશ્વિક ડેરી ઉદ્યોગ માટે કેન્દ્રબિંદુ સમાન છે. તેનો યશ તેના સ્થાપક ડૉ. કુરિયનની નીતિમત્તા અને પ્રામાણિકતાથી નાખવામાં આવેલો પાયો અને સ્વ. ત્રિભુવનદાસ પટેલ દ્વારા પૂરું પાડવામાં આવેલું વિઝનરી નેટર્વક છે અને તેથી જ ડૉ. વર્ગીસ કુરિયનને 'શ્વેતક્રાંતિના જનક' તરીકે ઓળખવામાં આવે છે. 1973માં કુરિયને ગુજરાત મિલ્ક માર્કેટિંગ ફેડરેશનની સ્થાપના કરી અને 34 વર્ષ સુધી તેના અધ્યક્ષપદે રહ્યા.

76 વર્ષ પહેલાં રોપવામાં આવેલું શ્વેતક્રાંતિનું બીજ આજે મોટું વટવૃક્ષ બની ગયું છે. રાજ્યમાં અમૂલ ડેરીના બ્રાન્ડ હેઠળ 16 જેટલા સહકારી સંઘો કાર્યરત છે. જેમાં કુલ 18555 મંડળીઓના 36 લાખ કરતાં વધુ સભાસદો દ્વારા પશુપાલન વ્યવસાયથી એકત્ર કરવામાં આવતું. દૈનિક 2.50 કરોડ લિટર દૂધ આ મંડળીમાં જમા થાય છે. આ સભાસદોને, ઉત્પાદકોને દૈનિક આશરે રૂ. 140થી 150 કરોડ રૂ. ચૂકવણી કરવામાં આવે છે. 40થી 50 હજાર કરોડ રૂ. નું વાર્ષિક ટર્ન ઓવર છે. 200 લિટરથી શરૂ થયેલો વ્યવસાય આજે 74 કરોડ લિટર દૂધે પહોંચ્યો છે.

ડેરી ઉદ્યોગની વિશેષતા જોઈએ તો :

– દેશમાં કુલ માખણના ઉત્પાદનમાં 88% માખણ અમૂલ ડેરીનું છે.

– ગુજરાતમાં દૂધના જથ્થાની દૃષ્ટિએ મહેસાણાની 'દૂધ સાગર ડેરી'નો પ્રથમ ક્રમ છે.

– અમૂલ ડેરીમાં શાકાહારી માખણનું ઉત્પાદન વિશ્વમાં સૌથી વધુ છે.

– સૌ પ્રથમ દૂધનું ATM પણ આણંદમાં બન્યું હતું.

– પશુ આહાર ક્ષેત્રમાં દેશમાં સૌપ્રથમ ગુજરાત છે.

– સૌથી વધુ ડેરી પેદાશની નિકાસ માટે અમૂલ દેશમાં અગ્રેસર છે. હાલમાં અમૂલની બનાવટો વિશ્વનાં 40 દેશોમાં ઉપલબ્ધ છે. અમૂલની જુદી જુદી પેદાશો જેવી કે દૂધનો પાઉડર, પનીર, યુએચટી દૂધથી દેશી મિઠાઈ વગેરેની નિકાસ અમેરિકા ઓસ્ટ્રેલિયા, વેસ્ટ ઇન્ડિઝ, આફ્રિકા, ગલ્ફ પ્રાંત, સાર્ક અને સિંગાપોર, ફિલિપાઈન્સ, થાઈલેન્ડ, જાપાન અને ચીનમાં થાય છે.

– સમાજમાં મહિલાઓના ઉત્કર્ષ માટે અને સ્વાવલંબન માટે ડેરી ઉદ્યોગની મહત્ત્વની ભૂમિકા છે.

જોકે, વિશ્વના દૂધના ઉત્પાદનમાં ભારતનો હિસ્સો 21% હોવા છતાં પશુદીઠ દૂધ

ઉત્પાદનમાં આપણે અમેરિકા કરતાં પાછળ છીએ. ભારતમાં ગુજરાતના ડેરી ઉદ્યોગનું ખૂબ જ મહત્ત્વ હોવા છતાં આજે તેમાં વિવાદમાં જોવા મળે છે. પશુ પાલકોની આર્થિક સ્થિતિમાં જોઈએ તેવો સુધારો નથી. લોનના પૈસા ભરવાનું તેમના માટે મુશ્કેલ બન્યું છે. નોકરીમાં સગાવાદ ચાલે છે જે ખરેખર સહકારી સંસ્થા માટે સારું નથી.

આમ છતાં આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત ગુજરાતનો ડેરી ઉદ્યોગ એક ઉત્તમ મોડેલ સાબિત થશે.

## 15.10 નવી ઔદ્યોગિક નીતિ (2020) અને ઔદ્યોગિક વિકાસ :

31 ડિસેમ્બર, 2019ના રોજ ગુજરાત ઔદ્યોગિક નીતિ-2015ની મુદત પૂરી થઈ જતાં તત્કાલિન મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ઑગસ્ટ, 2020 દરમિયાન નવી ઔદ્યોગિક નીતિ અમલમાં મૂકી. જેમાં ઔદ્યોગિક વિકાસને વેગ આપીને આત્મનિર્ભર ગુજરાતનું નિર્માણ થાય તેના પર ભાર આપીને આ નીતિને ગુજરાત ઔદ્યોગિક નીતિ - 2020 નામ આપ્યું છે.

વર્ષ 2019-20માં કેમિકલ્સ ફાર્મા, ટેક્સટાઈલ, સિરામિક્સ ઓટો તથા ઓટો કમ્પોનન્ટ્સ, પ્લાસ્ટિક એનર્જી, પાવર તથા ફૂડ પ્રોસેસિંગમાં ગુજરાત ટોચના સ્થાને છે. વર્ષ 2014-15થી 2019-20 સુધીમાં ગુજરાતમાં MSME. (લઘુ, નાના અને મધ્યમ ઉદ્યોગો)ની સખ્યામાં 60% જેટલી વૃદ્ધિ થઈ છે. મોટી ઔદ્યોગિક ઈકોસિસ્ટમનો મહત્ત્વપૂર્ણ હિસ્સો અને રોજગારી માટેનો મોટો સ્ત્રોત એ MSME છે. સ્થાનિક MSMEs વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવાના ઉદ્દેશથી આ નીતિમાં MSMEને પ્રોત્સાહન આપવા માટે ખૂબ મોટી છૂટછાટો આપવામાં આવી છે.

રાજ્યના ઔદ્યોગિક વિકાસ માટે વાર્ષિક રૂ. 8000 કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ નીતિનો મુખ્ય હેતુ રાજ્યમાં વધુ રોજગારીનું સર્જન થાય તેમજ મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં નવા સંશોધનો તેમજ સ્ટાર્ટઅપને પ્રોત્સાહિત કરવાનો છે. ગુજરાતના વેપાર-ઉદ્યોગ જગતને આત્મનિર્ભર બનાવવાનો છે.

આ નીતિમાં ગુજરાત સરકાર નીચેના હેતુઓ માટે MSME ને સપોર્ટ કરશે.

- ટેક્નોલૉજીનું અપગ્રેડેશન કરવું.
- વૈશ્વિક સ્તરે સ્વિકૃત સર્ટિફિકેટ્સ અપનાવવા.
- પ્રૉડક્ટ્સનું આંતરરાષ્ટ્રીય સ્તરે માર્કેટિંગ કરવું.
- તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા એક રિપોર્ટ પ્રમાણે ભારતના કુલ ફંડેડ સ્ટાર્ટઅપ્સમાંથી 43% ફંડેડ સ્ટાર્ટઅપ્સ માત્ર ગુજરાતના અમદાવાદમાં જ આવેલા છે. જે કારણે ગુજરાત ભારતનું મહત્ત્વનું સ્ટાર્ટઅપ્સ હબ બન્યું છે.
- ગુજરાતમાં સ્ટાર્ટઅપ્સ મિડલેવલ પ્રિ-સિરિઝ A ફંડિંગ માટે 'ગુજરાત વેન્ચર ફાઈનાન્સ લિમિટેડ' હેઠળ એક અલગ ફંડનું નિર્માણ આ નીતિમાં કર્યું છે. જેના કારણે ગુજરાતનો સર્વાંગી અને સંતુલિત પ્રાદેશિક વિકાસ થશે અને રોજગારીની નવી તકોનું સર્જન થશે.

વર્ષ 2019-20માં દેશમાં બેરોજગારીનો દર 8% છે. જ્યારે ગુજરાતનો 3.4 % છે. ભારતના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં 17% ના હિસ્સા સાથે ગુજરાત પ્રથમ છે. વર્ષ 2019માં ભારત સરકારના વાણિજ્ય મંત્રાલય દ્વારા જાહેર થયેલા લોજિસ્ટિક્સ પર્ફોમન્સ

ઇન્ડેક્ષ અને લીડ્ઝ લોજિસ્ટિક ઇઝ એક્રોસ ડિફરન્સ સ્ટેટસ ઇન્ડેક્ષમાં ગુજરાત પ્રથમ સ્થાને છે. ટૂંકમાં એમ કહી શકાય કે આધુનિક ગુજરાતથી આધુનિક ભારતના નિર્માણનું વિઝન આ નીતિમાં રાખવામાં આવ્યું છે.

## 15.11 સમીક્ષા :

ગુજરાતના વિવિધ ઉદ્યોગો વિશેની માહિતીની ચર્ચાને આધારે કેટલીક બાબતો આપણને આંખે વળગે તેવી છે. સામાજિક આર્થિક સમીક્ષા-વર્ષ 2020-21 (ગુજરાત રાજ્ય)ને આધારે જોઈએ તો –

– વર્ષ 2018-19માં ભારતના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો 17.44% છે.

– ઓક્ટોબર, 2019થી સપ્ટેમ્બર, 2021 દરમિયાન ભારતના કુલ FDI (વિદેશી સીધા મૂડીરોકાણ)ના પ્રવાહમાં 23% પ્રવાહ ગુજરાતમાં આવ્યો છે.

– વર્ષ 2020-21માં દેશની કુલ નિકાસોમાં ગુજરાતની વ્યાપારી નિકાસ 20.83% છે.

– 2020-21માં દેશની ફાર્માની નિકાસોમાં ગુજરાતનો ફાળો 19.5% છે.

– દેશમાં કેમિકલ અને પેટ્રોકેમિકલ ઉદ્યોગમાં ગુજરાતનો ફાળો 62% છે.

– ભારતનું પ્રથમ બંદર ગુજરાતનું દહેજ છે, જે કેમિકલ અને પેટ્રોકેમિકલની નિકાસોમાં દેશમાં 14% હિસ્સો ધરાવે છે.

– એશિયાનું સહાયકારી ક્ષેત્રનું સૌથી મોટું એકમ એ ગુજરાતનું GSFC છે.

– વિશ્વની સૌથી મોટી સીંગલ-સ્ટ્રીમ એમોનિયા ખાતર ઉત્પન્ન કરતી કંપની (FNFC) ગુજરાતની છે.

– 2019-20માં દેશના કુલ સુતરાઉ કાપડના ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો 24% છે.

ગુજરાતનો ઔદ્યોગિક ક્ષેત્રની કેટલીક વિશેષતાઓ હોવા છતાં ગુજરાતના ઔદ્યોગિક ક્ષેત્ર સામે કેટલાંક પડકારો હજુ છે. જેવા કે –

ઔદ્યોગિક ક્ષેત્રે મજૂરી દર નીચા, ઔદ્યોગિક ઉત્પાદનની ઓછી માંગ, ધિરાણની મુશ્કેલીઓ, વ્યાજનો બોજો, બજારની મુશ્કેલીઓ, ગુણવત્તાનો પ્રશ્ન, નિકાસ અંતરાયો તેમજ વહીવટી અંતરાયો વગેરે.

ગુજરાતમાં કુલ મૂડીરોકાણના 60% જેટલું મૂડીરોકાણ અમદાવાદ, વડોદરા, જામનગર, સુરત, ભરૂચ, રાજકોટ વગેરે જિલ્લાઓમાં થયું છે. બાકીના જિલ્લાઓમાં મૂડીરોકાણનો પ્રવાહ વધે તે માટે પ્રયાસ કરવા પડશે. આ અંગે સરકાર સહિત ઉદ્યોગ મંડળો પણ પ્રયાસ કરે તે જરૂરી છે. ઉદ્યોગ સાહસિકોએ માર્કેટ અપડેટ સાથે નવી સ્કીલ વિકસાવવી પડશે. પરિવહનના માધ્યમોને કાર્બન ઉત્સર્જનમુક્ત કરવા માટે વીજળીના યોગદાનમાં વધારો કરવો પડશે. આ બધામાં સરકાર પણ 'આત્મનિર્ભર' ગુજરાતની દૂરંદેશી સાથે આગળ વધી રહી છે એમાં શંકાને કોઈ સ્થાન નથી.